For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in










**દક્ષિણ ગુજરાતમાં પ્રિમોન્સૂન સક્રિય, શહેરમાં અડધો ઇંચ સુધીનો વરસાદ**

# સુરત શહેર-જિલ્લામાં વરસાદનું આગમન

**ઉમરપાડામાં** સૌથી વધારે 2 ઈંચ, અરેઠ અને અંબિકામાં 1-1 ઈંચ વરસાદ

સુરતઃ અલ નીનોની અસરને કારણે છેલ્લા ચારથી પાંચ દિવસથી દક્ષિણ ગુજરાતમાંથી વાદળો લગભગ ગાયબ થઈ ગયા હતા અને સમગ્ર વિસ્તારમાં ઉનાળા જેવી કાળઝાળ ગરમીનો અનુભવ થઈ રહ્યો હતો. ચોમાસાના આગમનમાં પણ વિલંબ થતાં હવામાન વિભાગે 23 જૂન પછી વરસાદી ગતિવિધિ વધવાની આગાહી વ્યક્ત કરી હતી. આ દરમિયાન સોમવારે સવારે સુરત શહેર અને

...અનુસંધાન પાના 13 પર

## સુરતમાં સૌથી વધુ ઉધનામાં 1 ઈંચ પાણી વરસ્યું

**વહેલી** સવારે વરસાદ પડતાં સ્કૂલે જતાં વિદ્યાર્થીઓ અટવાયા, ઓવરબ્રિજ આશરો બન્યા

સુરતઃ સુરત શહેરમાં સૂર્યદેવના દર્શન થાય તે પહેલાં જ અનેક વિસ્તારોમાં ગાજવીજ તથા તેજ પવન સાથે વરસાદી ઝાપટાં શરૂ થઈ ગયા હતા. જોતજોતામાં હળવા ઝાપટાંએ ધોધમાર વરસાદનું સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આ અણધાર્યા વરસાદના આગમનથી શહેરીજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ઉધના ઝોનમાં બે કલાકમાં એક ઈંચ અને સેન્ટ્રલ ઝોનમાં એક કલાકમાં અડધો ઈંચ જ્યારે અન્ય વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ નોંધાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સુરત શહેરમાં ઉધના, પાંડેસરા, અઠવાગેટ, અને ભટાર જેવા દક્ષિણ અને મધ્ય ઝોનના વિસ્તારોમાં ભારે વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત તાપી નદીની

...અનુસંધાન પાના 13 પર

**શહેરના દરેક ઝોનમાં નોંધાયેલો વરસાદ (મી.મી.)**

| | |
|---|---|
| સેન્ટ્રલ ઝોન | 15 મી.મી. |
| રાંદેર ઝોન | 05 મી.મી. |
| કતારગામ ઝોન | 05 મી.મી. |
| વરાછા-એ ઝોન | 07 મી.મી. |
| વરાછા-બી ઝોન | 04 મી.મી. |
| લીંબાયત ઝોન | 12 મી.મી. |
| અઠવા ઝોન | 03 મી.મી. |
| ઉધના ઝોન | 22 મી.મી. |

## ડાંગમાં પહેલા જ વરસાદમાં પૂર્ણા નદી બે કાંઠે, ઉકાઇ તાલુકામાં એક ઇંચ વરસાદ

સુરતઃ ડાંગના જંગલ વિસ્તારમાં સારો વરસાદ વરસતાં ડાંગના સેંદવડ-ગરખડી થઈ વરસાદી પાણી પૂર્ણા નદીમાં પહોંચતા નદી બે કાંઠે વહેવા લાગી હતી. સોમવારે દિવસ દરમિયાન સૌથી વધુ વરસાદ વલસાડ તાલુકામાં નોંધાયો હતો. અહીં 30 મીમી એટલે કે એક ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત

...અનુસંધાન પાના 13 પર

### ચાર દિવસ પ્રિમોન્સૂન, ત્યારબાદ ચોમાસાની એન્ટ્રી

હવામાન વિભાગના જણાવ્યા મુજબ હાલમાં પડી રહેલો વરસાદ પ્રિમોન્સૂન એક્ટિવિટીનો ભાગ છે. જોકે બંગાળની ખાડીમાં વિકસતી સિસ્ટમને કારણે આગામી

...અનુસંધાન પાના 13 પર

### લિંબાયત ગરનાળું બેટમાં ફેરવાયું

શહેરમાં રવિવારે સામાન્ય વરસાદમાં જ અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં લોકો માટે મુશ્કેલીઓ સર્જાઈ હતી. સૌથી વધુ હાલાકી લિંબાયત વિસ્તારમાં જોવા મળી હતી. દર વર્ષની જેમ આ વખતે પણ લિંબાયત ગરનાળામાં વરસાદી પાણી ભરાઈ જતાં ગરનાળું બેટમાં ફેરવાઈ ગયું હતું. પાણી ભરાવાને કારણે વાહનોની અવરજવર ખોરવાઈ ગઈ હતી અને સ્થાનિકો જીવના જોખમે પાણીમાંથી



...અનુસંધાન પાના 13 પર

### વરસાદી પવનમાં બે વૃક્ષ ધરાશાયી, બે કાર દબાઈ

શહેરમાં વરસેલા વરસાદ અને પવનના કારણે સોમવારે શહેરમાં વૃક્ષ પડવાના બે અલગ-અલગ બનાવો નોંધાયા હતા. જેમાં સિંગણપોર ભરીમાતા રોડ વિસ્તારમાં એક મોટું લીમડાનું વૃક્ષ પડી જતાં બે કારને નુકસાન થયું હતું, જ્યારે લાલ દરવાજા વાલ્મિકી ફળિયામાં પણ વૃક્ષ ધરાશાયી થતાં ફાયર બ્રિગેડને કામગીરી કરવી પડી હતી. મળતી માહિતી મુજબ, સવારે 10:42 કલાકે



...અનુસંધાન પાના 13 પર

# પાંડેસરામાં ખાડામાં સિટી બસ ખાબકતા 7 મુસાફરોને ઇજા

**બસનો** આગળનો કાચ તૂટી જતાં ચાલકને ઇજા

**મુસાફરોને** કાચના ગેપમાંથી સલામત બહાર કાઢવા પડ્યાં

સુરત : પહેલા જ વરસાદે સુરત મહાનગર પાલિકાના અધિકારી અને પદાધિકારીઓને શરમજનક સ્થિતિમાં મૂકી દીધા છે. પાંડેસરાના ગણેશનગર પાસેથી પસાર થતી સુરત મહાનગરપાલિકાની સિટી બસ અચાનક રસ્તામાં પડેલા મસમોટા ખાડામાં ખાબકી જતાં ડ્રાઇવર અને અન્ય સાત

...અનુસંધાન પાના 13 પર



### પાલ-ઉમરા બ્રિજ પાસે BRTS ખાડામાં ફસાઇ

પાંડેસરા ઉપરાંત પાલ-ઉમરા બ્રિજના પાલ તરફના છેડે પણ મનપાની બીઆરટીએસ ઈ-બસ ખાડામાં ફસાઈ જવાની ઘટના બની હતી. જોકે બસ ખાલી હોવાથી કોઈ જાનહાનિ

...અનુસંધાન પાના 13 પર



# પત્ની અન્ય સાથે કામક્રીડા કરતી હોય તેવી મોર્ફ રીલ ફરતી કરી

**પત્ની** અને પુત્રીને મારા મારી કાઢી મૂક્યા બાદ સોશિયલ મીડિયામાં મોર્ફ વિડીયો મૂકનાર અમરોલીના પતિ સામે ગુનો નોંધાયો

**ઓડિશાના ન્યૂઝ પેપરનું પાનું એડિટ કરીને પણ બદનામ કરી**

પતિની વિકૃતિ અહીં જ અટકી ન હતી. તેણે ગત તા. ૨૪/૦૪/૨૦૨૬ ના રોજ ઓડિશાના પ્રખ્યાતન્યૂઝ પેપરમાં પણ છેડછાડ (એડિટ) કરી હતી. ન્યૂઝ પેપરના પાના પર પત્નીના અંગત ફોટા તેમજ અન્ય અશ્લીલ વીડિયોના સ્ક્રીનશોટ જાણે પત્નીના જ હોય તે રીતે ગોઠવી, તે ન્યૂઝ પેપરનો ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો હતો અને પત્નીને સમાજમાં ભારે બદનામ કરી હતી.

સુરતઃ પત્ની અને પુત્રીને ઢોરમાર મારી ઘરની બહાર કાઢી મૂકનાર નરાધમ પતિએ આટલેથી ન અટકતા, પત્નીને સમાજમાં બદનામ કરવા માટે સોશિયલ મીડિયા પર અશ્લીલ રીલ્સ અને ન્યૂઝ પેપરના એડિટેડ ફોટા વાયરલ કર્યા હોવાનો કિસ્સો સામે આવ્યો છે. આ બનાવની ફરિયાદ થતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

અમરોલી વિસ્તારમાં રહેતી પરિણીતાએ તેના પતિ ક્રિષ્ણા ગોવિંદરામ રાવલા (રહે. તુલસીધામ એપાર્ટમેન્ટ, જલારામ નગર, અમરોલી, મૂળ વતન- ઓડિશા) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. તેણે

...અનુસંધાન પાના 13 પર

**ઝેર પીતા પહેલા ભાઇને મેસેજ કર્યો હતો**

# છોકરીના પિતા લગ્નની તારીખ નથી આપતા એટલે મરી જઈએ છીએ

**સરથાણામાં** દંપતીએ હોટલમાં જઈને ઝેર પીધું, પત્નીનું મોત, પતિ ગંભીર

સુરતઃ સરથાણા વિસ્તારમાં બાપા સીતારામ ચોક નજીક આવેલી એક હોટલમાં બે વર્ષ પહેલા કોર્ટ મેરેજ કરનાર દંપતિએ ઝેરી દવા પી લીધું હતું જેમાં પત્નીનું મોત થયું છે. જ્યારે પતિ ગંભીર છે.

મૂળ અમરેલી જિલ્લાના ધારી તાલુકાના ગિગાસના ગામના વતની હસમુખભાઈ ઉમરેટિયા કાર્ટિંગનું કામ કરે છે અને યોગીચોક પાસે આવેલી માનસરોવર સોસાયટીમાં રહે છે. તેમની 23 વર્ષીય પુત્રી માનસી ખાનગી કંપનીમાં નોકરી કરતી હતી. તેને ખાનગી નોકરી કરતાં અભય રામજીભાઈ ત્રાડા (ઉ.વ. 23, રહે. નાના વરાછા રૂક્ષ્મણી સોસાયટી, મૂળ, જુનાગઢ ભેંસાણ) સાથે પ્રેમ હતો અને બંનેએ બે વર્ષ પહેલા કોર્ટ મેરેજ પણ કરી લીધા હતા. સોમવારે બપોરે 4 વાગ્યાના સુમારે બંને સરથાણાના સીમાડા વિસ્તારમાં સિલ્વર બિઝનેસ હબમાં આવેલી લા મરીના હોટલમાં ગયા હતા. જ્યાં રૂમમાં ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતાં હોટલ સ્ટાફ, પરિવારજનો અને પોલીસ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. બંનેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં માનસીને ફરજ પરના તબીબે મૃત જાહેર કરી હતી. જ્યારે

...અનુસંધાન પાના 13 પર



**મમ્મીનું ધ્યાન રાખજો, લવ યુ**

માનસી નોકરી પર જવા નીકળી હતી, ત્યારે પતિ સાથે હોટલમાં મળવાનું નક્કી કર્યું હતું. હોટલમાંથી માનસીએ બપોરે પિતા હસમુખભાઈના મોબાઈલ નંબર પર મેસેજ કર્યા હતા. જેમાં તેણીએ લખ્યું હતું કે, મમ્મીનું ધ્યાન રાખજો, આઈ લવ યુ, સહિતના મેસેજો કર્યા હતા.

### પરિવારજનો બંનેના ધામધૂમથી લગ્ન યોજવાનાં હતાં

માનસી અને અભય છેલ્લા ઘણા સમયથી એકબીજાને પ્રેમ કરતા હતા. બંનેએ લગભગ બે વર્ષ પહેલાં કોર્ટ મેરેજ કર્યા હતા. ત્યારબાદ વર્ષ પહેલાં પરિવારજનોની સંમતિ મળતાં તેમની સગાઈ પણ કરવામાં આવી હતી અને ટૂંક સમયમાં સામાજિક રીતે ધામધૂમથી લગ્ન યોજવાના હતા. પરંતુ માનસીના પિતા લગ્નની તારીખ આપતા ન હતા. જેથી બંને માનસિક તણાવમાં રહેતા હતા.

# 70 ઈંચની છાતી અને 65ની કમર! 'બાહુબલી' રેઈનકોટના 20 ઓર્ડર

**સામાન્ય** રેઈનકોટ કરતાં બમણું કાપડ વપરાયું, મોંઘવારી વચ્ચે મહિલાઓ માટે બજારમાં આવ્યા ખાસ 'સ્કર્ટ-ટોપ' રેઈનકોટ

સુરતઃ ચોમાસાની ઋતુ સત્તાવાર રીતે શરૂ થઈ ગઈ છે અને તેની સાથે જ બજારોમાં પણ વરસાદી માહોલ જામ્યો છે. આ વર્ષે રેઈનકોટ માર્કેટમાં એક એવો રેઈનકોટ આવ્યો છે જેણે ભારે આકર્ષણ જમાવ્યું છે.

**આ મેટરનું વિડીયો જોવા માટે QR કોડ સ્કેન કરો**

હા, બજારમાં 70 ઈંચની છાતી અને 65 ઈંચની કમર ધરાવતો વિરાટકાય રેઈનકોટ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. વેપારીઓ પણ દાવો કરી રહ્યા છે કે આવો 'બાહુબલી' સાઈઝનો રેઈનકોટ તમે ક્યારેય નહીં જોયો હોય. સૌથી નવાઈની વાત તો એ છે કે સુરતમાં આટલા મોટા રેઈનકોટના એક-બે નહીં પણ 20 ઓર્ડર આવ્યા છે



### 6 મીટર કાપડમાંથી તૈયાર થયો વિરાટકાય રેઈનકોટ

આ રેઈનકોટ સામાન્ય કદના માણસો માટે નથી, પરંતુ જેઓ ભારે શરીર ધરાવે છે અથવા તો ટ્રેકિંગ અને રાઇડિંગ દરમિયાન મોટો સામાન સાથે રાખે છે તેમના માટે આ આશીર્વાદરૂપ સાબિત થઈ શકે છે. સામાન્ય રીતે એક રેઈનકોટ બનાવવા માટે 2.5 થી 3 મીટર કાપડ વપરાતું હોય છે, પરંતુ આ અનોખા રેઈનકોટને તૈયાર કરવા માટે રેગ્યુલર રેઈનકોટની સરખામણીએ બે ગણા એટલે કે પૂરેપૂરા 6 મીટર કપડાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**ભાવમાં 6 ટકાનો વધારો**

કાચા માલની કિંમતો અને ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધવાને કારણે આ વખતે રેઈનકોટના બજેટ પર થોડી અસર પડી છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે રેઈનકોટની કિંમતમાં 6 ટકાનો વધારો નોંધાયો છે. એક રેઈનકોટની કિંમતમાં સરેરાશ 100 રૂપિયાનો વધારો

...અનુસંધાન પાના 13 પર

### મહિલાઓ માટે સ્પેશિયલ 'સ્કર્ટ ટોપ રેઈનકોટ'

માત્ર પુરુષો જ નહીં, પરંતુ મહિલાઓ માટે પણ આ વખતે બજારમાં ખાસ વેરાયટી આવી છે. સ્કૂટર કે બાઇક

...અનુસંધાન પાના 13 પર


#1 UPCOMING BUILDING AT RING ROAD

Limited Space Available !

DOCTORS

This can be your new address

Clinic, Nursing Home & Hospital



STRETCHER LIFT

24/7 POWER BACKUP


AMPLE BASEMENT PARKING

MOST CENTRALLY LOCATED AT RING ROAD NEXT TO J.K. TOWER

GRAND ENTRANCE FROM FRONT FOR CONVENIENCE TO OCCUPANTS, CLIENTS & PATIENTS

DAWER CHAMBERS
NEXT TO J.K. TOWER, RING ROAD
98241 49993

અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M. 81539 99901
ગુજરાતમિત્ર

**શ્રધ્ધાંજલિ**

"મા તુ જે સલામ"


સ્વ. કાંતાબેન વસનજી નાયક (ઈનામદાર)

જ.તા.૧૨/૬/૧૯૨૦
સ્વ.તા.૨૩/૬/૨૦૨૧

લિ.
સમસ્ત ઈનામદાર પરિવાર

जय भीक्षु — श्री महावीराय नमः — जय महाश्रमण

**॥ चतुर्थ पुण्यतिथी पर श्रद्धांसुमन ॥**



**स्व. श्री सुवालालजी बोल्या**
(स्व. 23-06-2022)

आपका जीवन हमारे बीच नहीं है, परंतु आपकी स्मृति हंमेशा हमारे हृदय में रहेगी। जब तक जीवन रहेगा आपकी कमी हंमेशा रहेगी, आप यादों में सदैव रहेंगे। आपकी आत्मा जहां भी है, परम सुख व शांति में रहे ऐसी प्रभु से कामना है।

**आपकी चतुर्थ पूण्यतिथि पर हम श्रद्धासुमन अर्पित करते है।**

श्रद्धावनत : भँवरलाल, शांतिलाल, श्रवणकुमार, रमेश, कमलेश, अशोक, मुकेश, प्रफुल, मुकेश, महावीर, शांतादेवी जैन एवं समस्त बोल्या परिवार (खरनोटा - सूरत)

EVERSHINE MARBLE GROUP | VIVA FASHION | EVERSHINE CERAMIC



**નવમી પુણ્યતિથીએ હાર્દિક શ્રધ્ધાંજલી**

આપની અચાનક વિદાયને
આજે નવ વર્ષ પૂરા થયા છતાં
એમ લાગે છે કે આપ
અમારી સાથે જ છો.
પળે પળે આપની યાદ આવે છે,
આ સ્મરણો એ જ
અમારો શ્વાસ છે,
આપનો નવકારમય આત્મા ભવ
ભ્રમણ થી મુક્ત થઈ મોક્ષસુખ પામો.
એજ કુળદેવી લાખણેચી માતાને અંતરથી
પ્રાર્થના કરતા આપના પરિવારજનો.

**સ્વ. હિતેષભાઈ મગનભાઈ દેસાઈ**

...શોકાકુલ પરિવાર...

**મગનભાઈ ચેલાભાઈ દેસાઈ**

| | |
|---|---|
| અગરબેન મગનભાઈ દેસાઈ | દશરથભાઈ મગનભાઈ દેસાઈ |
| ગં.સ્વ. ગીતાબેન હિતેષભાઈ દેસાઈ | રીનાબેન દશરથભાઈ દેસાઈ |
| મીર હિતેષભાઈ દેસાઈ | હીદાન દશરથભાઈ દેસાઈ |
| કેના હિતેષભાઈ દેસાઈ | વીરા દશરથભાઈ દેસાઈ |

મીર એસોશિએટ્સ (સુરત)

**ક્ષત્રિય દુઃખદ અવસાન- બેસણું**



**સ્વ. ચંપકલાલ ઈશ્વરલાલ સોડીવાલા**
સ્વ. તા. ૨૧-૦૬-૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી સ્વ. ચંપકલાલ ઈશ્વરલાલ સોડીવાલાનું તા. ૨૧-૦૬-૨૦૨૬ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.

॥ નોંધ ॥ સૂતકમાં ભેગા થવાનું અને તેલ નાખવાની વિધિ બંધ રાખી છે.

સદ્ગતનું બેસણું:- તા. ૨૩-૦૬-૨૦૨૬ ને મંગળવાર ના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે રાખેલ છે.

બેસણાનું સ્થળ :- ધમણવાલા એ.સી હોલ, સીંગાપુરીની વાડી, રૂસ્તમપુરા, સુરત.

લિ. શોકાતુર

| | |
|---|---|
| અતુલ ચંપકલાલ સોડીવાલા | ચંદ્રિકા અતુલ સોડીવાલા |
| રૂદ્ર અતુલ સોડીવાલા | શ્રધ્ધા રૂદ્ર સોડીવાલા |
| ઉમા કાચીવાલા | સ્વ. મહેન્દ્ર કાચીવાલા |
| પન્ના માંડવીવાલા | નિતીન માંડવીવાલા |
| જાનકી પીંડીવાલા | અભિષેક પીંડીવાલા |

શિવાંશ, દિયારા
તથા સમસ્ત સોડીવાલા પરિવાર